
## દક્ષિણ ગુજરાતમાં હિટ વેવની આગાહી વચ્ચે બુધવારે બપોરે વીજળી વેરણ બનતા લોકો પરસેવે પલળી ગયા

# નવસારી, ડાંગમાં વલસાડમાં આંશિક અસર

# 2:15 કલાક વીજળી ડૂલ



**ઉનાળાની ગરમીના આરંભ સાથે જ દક્ષિણ ગુજરાતમાં વીજ સંકટ ઉભું થયું, ઉકાઇના પાવર પ્લાન્ટ બેસી જતા અસર નવસારી જિલ્લામાં વર્તાઈ, પાવર કટની કોઈ અસર ટ્રેનો ઉપર પડી નહી**

નવસારી : ઉકાઇના પાવર પ્લાન્ટ બેસી જતા તેની અસર નવસારી જિલ્લામાં વર્તાઈ હતી. જેમાં નવસારી જિલ્લામાં ગણદેવી, ચીખલી, વાંસદા અને ખેરગામ તાલુકામાં અઢી કલાક વીજળી ડૂલ થઈ હતી. ગરમીમાં ભરબપોરે જ દોઢ કલાક વીજળી ડૂલ થતા લોકો પરેશાન થયા હતા.

ઉનાળાની ગરમીના આરંભ સાથે જ દક્ષિણ ગુજરાતમાં વીજ સંકટ ઉભું થયું છે. આજે ઉકાઈ પાવર પ્લાન્ટના તમામ યુનિટ બેસી જતા વીજળી ડૂલ થઈ હતી. ઉકાઈ પાવર પ્લાન્ટ બેસી જતા દક્ષિણ ગુજરાતમાં વિવિધ સ્થળોએ વીજળી ડૂલ થઈ હતી. દક્ષિણ ગુજરાતના 7 જિલ્લા, 45 તાલુકા, 23 શહેર અને 3461 ગામોમાં વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. ઉકાઈ પાવર પ્લાન્ટ બેસી ગયાની અસર નવસારી જિલ્લામાં વર્તાઈ હતી. જેમાં પણ ખાસ કરીને ચીખલી, વાંસદા અને ખેરગામ તાલુકાઓમાં ભરબપોરે 3 વાગે વીજળી કાપ મુકવામાં આવ્યો હતો. જે અઢી કલાક બાદ 5-10 વાગ્યે વીજ પુરવઠો શરૂ થયો હતો. પરંતુ ઉનાળાની ગરમીમાં ભરબપોરે વીજળી ડૂલ રહેતા લોકો ગરમીમાં શેકાયા હતા. તો બીજી તરફ નવસારી શહેર, નવસારી તાલુકા અને જલાલપોર તાલુકામાં વીજ કાપ કરવામાં આવ્યો ન હતો. જેથી રેલ વ્યવહારને પણ કોઈ અસર થઈ ન હતી. પરંતુ વીજ કાપને કારણે બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પરેશાન થયા હતા.

### વીજ પુરવઠો ખોરવાવાની અસર ડાંગ દરબારના મેળામાં જોવા મળી

સાપુતારા : ઉકાઇ થર્મલ પાવર સ્ટેશનનાં ચાર યુનિટ ટ્રીપ થવાને કારણે 500 મેગા વોટ વીજ ઉત્પાદન ઘટ્યું હતું. જેના પગલે ડીજીવીસીએલ હેઠળના વિવિધ સબ સ્ટેશનમાં વીજળી ગુલ થઇ ગઈ હતી. ત્યારે દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વીજળી ગુલ થઈ હતી. તેમજ ડાંગ જિલ્લામાં પણ વીજળી ગુલ થઇ ગઈ હતી. જેના કારણે લોકો ગરમીમાં હેરાન પરેશાન થતા જોવા મળ્યા હતા. તેમજ હાલમાં ડાંગ દરબારનો મેળો ચાલી રહ્યો છે ત્યારે બપોરબાદ 2:57 કલાકથી 5:30 કલાક સુધી વીજળી ગુલ થતા તેની અસર ડાંગ દરબારમાં પણ જોવા મળી હતી. ડાંગ જિલ્લા સહિત ડાંગ દરબારમાં અઢી કલાક સુધી રાઇડ્સ સહિતની એક્ટિવિટી ઠપ્પ થઇ ગઈ હતી. જેના કારણે લોકોમાં નારાજગી જોવા મળી હતી. જોકે અઢી કલાક બાદ આખરે વીજળી પુરવઠો પૂર્વવત થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

### ખેતીવાડીનો થ્રી ફેસ પાવર બંધ રખાયો

ગણદેવી અને આજુબાજુના વિસ્તારમાં પણ બપોરે 3-40 થી સાંજે 5-10 કલાક સુધી પાવર સપ્લાય બંધ રહ્યો હતો. તે પછી ગણદેવી સહીત આજુબાજુના ગામડાઓમાં પાવર સપ્લાય રાબેતા મુજબ થઈ ગયો હતો. પણ ગણદેવી વિસ્તારની ખેતીવાડીને મળતો થ્રી ફેસ પાવર હાલ પૂરતો બંધ રાખવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

### ખેરગામ, ગણદેવી, ચીખલી, વાંસદા તાલુકામાં અઢી કલાક વીજળી વેરણ બની

બીલીમોરા, ખેરગામ, ઘેજ, વાંસદા : દક્ષિણ ગુજરાતમાં હિટ વેવની આગાહી વચ્ચે બુધવાર બપોરે વીજળી વેરણ બનતા લોકો પરસેવે પલળી ગયા હતા. જોકે સમી સાંજે ઉકાઈ થી ૬૬ કેવી સબ સ્ટેશનમાં વીજપુરવઠો પુન: શરૂ થતાં ઘરેલું અને ઔદ્યોગિક વીજળી બહાલ થઈ હતી. જ્યારે એગ્રીકલ્ચર પુરવઠો શરૂ કરવાની તજવીજ હાથ ધરી હતી. ઉકાઇ સ્થિત વીજ ઉત્પાદન કરતા ચાર યુનિટ બુધવાર બપોરે ટ્રીપ થયા હતા. જેને પગલે જેટકો (ગેટકો) દ્વારા દક્ષિણ ગુજરાત વીજ કંપનીના ૬૬ કેવી સબ સ્ટેશનમાં અપાતો વીજ પુરવઠો બપોરે 3: થી 5:10 કલાક દરમ્યાન ખોટકાયો હતો. જેને કારણે અમલસાડ, બીલીમોરા, ગણદેવી, અંભેટા, ચીખલી, ટાંકલ, રાનકુવા, ખેરગામ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઘરેલું અને ઔદ્યોગિક જોડાણોમાં વીજળી ડૂલ થઈ હતી. હોળી અગાઉ આકરી ગરમીમાં લોકો શેકાયા હતા. વીજ કચેરીઓના ફોન રણકી ઉઠ્યા હતા. જોકે સમી સાંજે વીજ પુરવઠો પુન: સ્થાપન થતા લોકોએ મોટી રાહત અનુભવી હતી. વાંસદા તાલુકામાં પણ બપોરે 2:55 વાગ્યાના અરસામાં વીજ પુરવઠો બંધ થઈ જતાં અનેક લોકો ગરમીમાં અકળાયા હતા. જોકે સાંજે 5.15 કલાકે સમગ્ર વાંસદા તાલુકાના પાવર આવી જતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.


NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447


### ગણદેવીમાં 13 સબ સ્ટેશનોમાંથી 10 સબ સ્ટેશનોમાં પાવર સપ્લાય બંધ થઈ ગયો

બીલીમોરા : ગણદેવીમાં જેટકો હેઠળ આવતા 220 કેવીના 13 સબ સ્ટેશનોમાંથી 10 સબ સ્ટેશનોમાં પાવર સપ્લાય બંધ થઈ ગયો હતો. પાવર કટની કોઈ અસર ટ્રેનો ઉપર પડી ન હતી. અપ અને ડાઉન લાઇનની તમામ ટ્રેનો તેના રાબેતા સમય મુજબ કાર્યરત હતી.

### વલસાડ જિલ્લામાં વાપી સિવાય કોઈ અસર નહીં

મુખ્ય અધિક્ષક બી.સી. માહલાએ જણાવ્યું હતું કે, ઉકાઈ પાવર સ્ટેશન ખાતે સર્જાયેલી સમસ્યાના પગલે વલસાડ જિલ્લામાં તેની આંશિક અસર જોવા મળી હતી. વલસાડ, ધરમપુર, ઉમરગામ, કપરાડા અને પારડીમાં વીજ સમસ્યા સર્જાઇ હોવાનું જણાયું નથી. જોકે, વાપીમાં વીજ સપ્લાય બંધ રહ્યો હતો. બાદમાં નિયમિત પુરવઠો ચાલુ કરી દેવાયો હતો.

### વલસાડ-ધરમપુર સહિત જિલ્લામાં કોઈ અસર નહીં

**વાપી** તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી ગુલ રહી

વાપી-વલસાડ : સુરતના ઉકાઈ થર્મલ પાવર સ્ટેશનમાં બુધવારે બપોરે અચાનક સર્જાયેલી વીજ કટોકટીના પગલે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તેની અસર થવા પામી હતી. જ્યારે વલસાડ જિલ્લામાં તેની આંશિક અસર થવા પામી હતી. જોકે, વીજ કટોકટીના પગલે રેલવે વ્યવહારને કોઈ અસર પહોંચી ન હતી. મળતી માહિતી મુજબ ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન ખાતે કાર્યરત કેટલાક યુનિટો અચાનક ખોટકાતા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વીજ પુરવઠો થંભી ગયો હતો. જેના પગલે રહેણાંક અને ઔદ્યોગિક એકમોમાં અસર થઈ હતી. વલસાડ જિલ્લામાં પણ કેટલીક જગ્યાએ વીજ ડૂલ થઈ હતી. વાપી અને આસપાસના વિસ્તારોમાં બપોરે વીજળી ડુલ અને લો વોલ્ટેજની સમસ્યા સર્જાઇ હતી. અને લોકોના હાલ બેહાલ થઈ ગયા હતા. વાપી ટાઉનના કેટલાક વિસ્તારોમાં અડધો કલાકથી વધુ સમય સુધી વીજળી બંધ રહી હતી. આ પરિસ્થિતિને લઈ વીજકચેરીમાં અનેક ગ્રાહકોના ફોન રણકી ઉઠ્યા હતા.

## પારડી હાઇવે પર કાર ડિવાઈડર તોડી રેલિંગની આરપાર ઘૂસી ગઈ



અમૃત પટેલ

■ પારડી : પારડી નેશનલ હાઇવે નંબર 48 પર એક કાર ડિવાઇડર સાથે અથડાઈને રેલિંગમાં ઘૂસી જતા અકસ્માત સર્જાયો હતો. વાપીથી વલસાડ તરફ જતા ટ્રેક ઉપર પારડી વલ્લભ આશ્રમ સામે હાઇવે પર કારચાલક પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન કાર ડિવાઇડર સાથે અથડાઈને હાઇવે પર લાગેલી લોખંડની રેલિંગમાં ઘૂસી ગઈ હતી. લોખંડની રેલિંગ કારની આરપાર થતા ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર વાહનોની લાંબી કતાર લાગતા ટ્રાફિકજામ સર્જાયો હતો.

## 'તમે ચાલ્યા જાઓ, નહી તો માણસો બોલાવી તમારી લાશ અહીં જ પાડી દઈશ'

**નવસારી** સ્ટેશન રોડ પરની મિલકત દંપતીએ પચાવી પાડી, માલિક જમીન ખાલી કરાવવા જતા દંપતીએ ધમકી આપી

**વર્ષ** 2017 માં બોગસ મિલકત માલિકે સાટાખતથી દંપતીને 10 લાખ રૂપિયામાં ગેરકાયદે આપી હતી

નવસારી : નવસારીમાં બોગસ મિલકત માલિકે મિલકત સાટાખતથી દંપતીને 10 લાખ રૂપિયામાં આપી દીધી હતી. જેથી દંપતી તે જમીન પર કિરાણા સ્ટોર ચલાવી રહ્યા હતા. પરંતુ અસલ માલિક તેમની મિલકત ખાલી કરાવવા જતા દંપતીએ ધમકી આપતા નવસારી ટાઉન પોલીસ મથકે નોંધાયો છે.

વિજલપોર શિવાજી ચોક પાસે હરિકૃષ્ણ બંગ્લોઝમાં જીતેન્દ્ર રહે છે. અને સીલીકોન પ્રોગેશન એલએલપી ભાગીદારી પેઢીના ભાગીદારો વતી ઓથોરાઇઝડ સિગ્નેચરી તરીકે છે. ભાગીદારી પેઢી દ્વારા ટેક્નિકલ સ્કુલની બાજુમાં નવી પટેલ નગર સોસાયટીમાં રહેતા સ્વ. નટવરલાલ ભાવસાર પાસેથી 55.25 લાખ રૂપિયામાં સ્ટેશન રોડ વિસ્તારની મિલકત ખરીદી હતી. જેથી તે મિલકત સીલીકોનના ભાગીદારોના નામે ચાલી આવી છે.

આ મિલકત ખરીદ્યા બાદ જીતેન્દ્રભાઈ અને ભાગીદારો મિલકતમાં સાફ-સફાઈ કરાવતા હતા. ત્યારે માણેકલાલ રોડ પી.એસ.કું. ની સામે વિઠ્ઠલદાસ મકનજી ચાલમાં રહેતા માંગીબેન કુમાવત અને પતિ સુખલાલ કુમાવતે આવી પતરાની ખોલીવાળી મિલકતમાં ભેરૂનાથ કિરાણા સ્ટોર બનાવ્યો છે તે અમારી માલિકીની મિલકત છે તેમ જણાવ્યું હતું. જેથી જીતેન્દ્રભાઈએ આ મિલકત અમે રાખી છે કહી મિલકતના માલિકીના પુરાવા માંગ્યા હતા. જેથી સુખલાલે ભેરૂનાથ કિરાણા સ્ટોરનું ફૂડ એન્ડ ડ્રગ્સ લાયસન્સ મેળવ્યું હોવાનું જણાવી તમે જલ્દીથી અહીંથી ચાલ્યા જાઓ નહી તો અમારી પાસે ઘણા માણસો છે તે બધાને બોલાવી તમારી લાશ અહી જ પાડી દઈશ તેવી ધમકી આપી હતી. માંગીબેને તમે અહીંથી જતા રહો, નહી તો તમે મારી લાજ લીધી છે તથા મારી સાથે બદકામ કર્યાના આક્ષેપો મૂકી ખોટી ફરિયાદ નોંધાવી જેલમાં નાખી દેવાની ધમકી આપી હતી.

ત્યારબાદ જીતેન્દ્રભાઈએ તપાસ કરતા મિલકત આનંદ એપાર્ટમેન્ટમાં રહેતા પરભુભાઈ પટેલે બોગસ માલિક બની માંગીબેન કુમાવતને 10 લાખ રૂપિયામાં આપી હોવાનું જાણવા મળ્યું હતું. જે મિલકત ઉપર દબાણ કરી સ્ટોરનું ફૂડ વિભાગનું લાયસન્સ મેળવ્યું હતું અને પાછળના ભાગે ઘર બનાવી રહેતા હોવાનું સામે આવ્યું હતું. આ બાબતે જીતેન્દ્રભાઈએ કલેક્ટર કચેરીએ અરજી કરી હતી. જે અરજી અનુસંધાને બેઠકમાં થયેલી ચર્ચા મુજબ માંગીબેન અને સુખલાલ વિરુદ્ધ ગુનો સ્થાપિત થતો હોવાથી અરજી ગ્રાહ્ય રાખી હતી. તેમજ પોલીસ અધિક્ષકને ફરિયાદ દાખલ કરવા માટે જણાવ્યું હતું. જેથી જીતેન્દ્રભાઈએ ટાઉન પોલીસ મથકે માંગીબેન અને સુખલાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ નાયબ પોલીસ અધિક્ષક એસ.કે. રાયે હાથ ધરી છે.

## જલાલપોરમાં બે જૂથવચ્ચે મારામારી, એકને પેટમાં ચપ્પુના બે ઘા મરાયા

**બહેન** સાથે ફોન પર વાત કરવાની અદાવત રાખી મારામારી થતા લોકટોળું ભેગું થઈ ગયું

નવસારી : જલાલપોર દેસાઈ તળાવ પાસે બે જૂથોના યુવાનો વચ્ચે મારામારી થઈ હતી. જેમાં એક યુવાનને પેટમાં ચપ્પુના બે ઘા મારી દેતા પોલીસ દોડતી થઈ હતી. જ્યાં પોલીસે બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

જલાલપોર દેસાઈ તળાવની પાળ હંસગંગા સોસાયટીમાં નિખિલ રમાશંકર પાંડે રહે છે. જલાલપોર ગૌરીશંકર મહોલ્લો ભૈયા ચાલમાં રહેતા રવિ પરમારે નિખિલને ફોન કરી દેસાઈ તળાવ પર ઝઘડો થયો છે, તું અહી આવ તેમ જણાવ્યું હતું. જેથી નિખિલ તેના અન્ય મિત્ર રૂપેશ સહાની સાથે દેસાઈ તળાવ પાસે ગયા હતા. જ્યાં રવિએ અરુણ ડાભી નામના યુવાનને બતાવી કહ્યું હતું કે, આ છોકરો મારી બહેન સાથે ફોન પર વાત કરે છે. જેથી નિખિલે અરુણને શા માટે રવિની બહેન સાથે ફોન પર વાત કરે છે તેમ પુંછતા અરુણે વાત તો હું કરીશ, તારાથી થાય તે કરી લેજે, હું હમણાં અહી મારા મિત્રોને બોલાવું છું તેમ કહી નિખિલને અપશબ્દો બોલવા લાગ્યો હતો. દરમિયાન અરુણના મિત્રો આવી જતા અરુણે ઉશ્કેરાઈ જઈ નિખિલને માથાના પાછળના ભાગે કડું માર્યું હતું. તેમજ વિજય મેરે નિખિલને પકડી રાખતા ચિરાગે માર માર્યો હતો. તે સમયે નિખિલે તેના ભાઈ સાહિલને બોલાવતા સાહિલે આવી તેઓને છુટા પાડવા માટે વચ્ચે પડ્યો હતો. ત્યારે દિપક મેરે સાહિલને પેટના ભાગે ચપ્પુના બે ઘા મારી દીધા હતા. અને ત્રીજો ઘા મારવા જતા સાહિલે ચપ્પુ પકડી લેતા તેના જમણા હાથની વચ્ચેની આંગળીએ ઈજા થઈ હતી. આ ઘટનાને પગલે સ્થળ પર લોકટોળું ભેગું થઈ ગયું હતું. તેમજ જલાલપોર પોલીસ પણ આવી પહોંચી હતી. પરંતુ અરુણ ડાભી, ચિરાગ ચાવડા, વિજય મેર અને દિપક મેર જતા જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી ગયા હતા. જોકે સાહિલ અને નિખિલને તાત્કાલિક સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. તો બીજી તરફ આ ઘટનાને પગલે જલાલપોર પોલીસે દેસાઈ તળાવ પાસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ બનાવ અંગે નિખિલે જલાલપોર પોલીસ મથકે અરુણ ડાભી, ચિરાગ ચાવડા, વિજય મેર અને દિપક મેર વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા તપાસ પી.આઈ. ડી.ડી. લાડુમોરેએ હાથ ધરી છે.

## બીલીમોરા પાલિકાની સામાન્ય સભા મુલત્વી રાખવાનો નિર્ણય નિયમ વિરુદ્ધનો

**સિનિયર** અપક્ષ સભ્યની પ્રાદેશિક નિયામકને લેખિત ફરીયાદ

બીલીમોરા : બીલીમોરા નગરપાલિકામાં બુધવારની સામાન્ય સભાને અચાનક રદ કરાઈ હતી. આ પ્રકરણમાં પાલિકામાં અપક્ષ સિનિયર સભ્યોએ સુરત પ્રાદેશિક કમિશનરને પત્ર પાઠવી સભાને સરક્યુંલર સૂચનાથી રદ કરવાનો કરાયેલો નિર્ણય નિયમ વિરુદ્ધ હોવાનું જણાવી તુરંત સભા બોલાવવા પાલિકા ચીફ ઓફીસર અથવા પ્રમુખને માર્ગદર્શન આપવા માંગણી કરી હતી.

બીલીમોરા નગરપાલિકા વોર્ડ નં.૫ માંથી સતત આઠમી વખત અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટાયેલા સિનિયર પાલિકા સભ્ય મલંગભાઈ કોલીયાએ આજરોજ પ્રાદેશિક કમિશનર સુરતને એક પત્ર લખી જણાવ્યું હતું કે બીલીમોરા નગરપાલિકાનાં નવા ચૂંટાયેલા સભ્યોની તા.૧૨'મી માર્ચના રોજ યોજાનારી સભાને અચાનક અનિવાર્ય કારણ દર્શાવી સરક્યુંલર સૂચના પત્રથી પ્રમુખે રદ કરી હતી. જેમાં નિયમોની અવગણના કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. તેમણે ગુજરાત મ્યુનિસિપલ એક્ટના કાયદા અને નિયમો જોગવાઈ મુજબ સામાન્ય સભા તેમાં હાજર રહેલા સભ્યો બહુમતીથી મુલત્વી રાખી શકે અને ત્યારબાદની તારીખ જાહેર કરવી પડે. જેમાં મનસ્વી રીતે સભા રદ કરવાની કોઈ જોગવાઈ કાયદામાં નથી. જે અંગે નિયમોની નકલ જોડી છે. તેમણે રદ કરવામાં આવેલી સામાન્ય સભા તાત્કાલિક બોલાવવા માટે પાલિકા પ્રમુખ અથવા ચીફ ઓફિસરને માર્ગદર્શન આપવા માંગ કરી છે.

### બીલીમોરામાં મોબાઈલમાં વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા



નવસારી, બીલીમોરા : નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસે બાતમીના આધારે બીલીમોરા ઓરિયા-મોરિયા જીગુભાઈની દુકાનની સામે શૈલેષભાઈ રાઠોડના ઘરના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં છાપો માર્યો હતો. જ્યાંથી પોલીસે મોબાઈલમાં વરલી મટકાનો જુગાર રમી-રમાડતા બીલીમોરાના ઓરિયા મોરિયા ફળીયામાં રહેતા શૈલેષભાઈ માધુભાઈ રાઠોડ અને બીલીમોરા ખાડા માર્કેટમાં વિઠ્ઠલ નગરની સામે આવેલા એપાર્ટમેન્ટમાં રહેતા દિપકભાઈ કિશનભાઈ દેવીપુજકને ઝડપી પાડયા હતા. જયારે પોલીસે વલસાડના વાપી તાલુકાના ડુંગરા નવીનગરી મારોઠીયા ઈંગ્લીશ સ્કૂલ પાસે રહેતા મુકેશભાઈ રમેશભાઈ પટેલને વોન્ટેડ જાહેર કરી 31,500 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.



ધર્મેશ પટેલ

## ચીખલીના સુંઠવાડમાં આગ લાગ્યા બાદ ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા અફરા તફરી મચી

ઘેજ : ચીખલીના સુંઠવાડ ગામે કેબિનમાં આગ લાગતા અંદર રાખેલા ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. બનાવની સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના સુંઠવાડ પીર ફળીયા ખાતે બુધવારની સવારના સમયે બે જેટલી લાકડાની કેબિનમાં આગ લાગતા અંદર મુકેલા સર સામાન સહિત એક ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો. જોકે કેબિનમાં તેમજ આજુબાજુ કોઈ રહેતું ન હોય મોટી હોનારત ટળી જવા પામી હતી. બનાવની જાણ થતાં ચીખલી ફાયર ફાઈટર પહોંચી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગને પગલે વીજ લાઈનના તાર પણ આગની ઝપેટમાં આવી ગયા હતા. આગના બનાવ દરમ્યાન સિલિન્ડર બ્લાસ્ટ થતા આસપાસના લોકોમાં એક સમયે દહેશતનો માહોલ ફેલાયો હતો. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું ન હતું.

## હાઈફાઈ થાર કારમાં દારૂની હેરાફેરી કરતા એક ઝડપાયો

**પોલીસને** જોઈ થાર ભગાવી પણ ગટર લાઈન સાથે અથડાતા બુટલેગર કારમાંથી ઉતરીને ફરાર, ચાલકની ધરપકડ

પારડી : પારડી ચાર રસ્તા હાઈવે પર મોંઘીદાટ હાઈફાઈ કારમાં મહારાષ્ટ્રથી દારૂનો જથ્થો ભરી સુરત તરફ લઈ જતા રૂપિયા 10.43 લાખના મુદ્દામાલ સાથે પોલીસે એક ઈસમને ઝડપી પાડ્યો હતો. જ્યારે એક આરોપી ભાગી છૂટ્યો હતો.

પારડી નેશનલ હાઈવે નંબર 48 મુંબઈથી સુરત તરફ જતા ટ્રેક ઉપર વલસાડ એલસીબીની ટીમને મળેલી બાતમીના આધારે વોચ ગોઠવી હતી. તે દરમિયાન થાર કાર આવતા પોલીસે રોકવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે થાર ચાલકે સર્વિસ રોડ ઉપર પોલીસને જોઈ ભાગવા જતા ગટર લાઈન સાથે અથડાતા ચાલક અને તેની સાથે બેસેલો ઈસમ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે ચાલક અરવિંદ શ્યામ બહાદુર યાદવ (રહે. યુપી)ને ઝડપી પાડ્યો હતો. જ્યારે તેની સાથે બેસેલો ઈસમ પવનસિંગ (રહે. સુરત મૂળ યુપી) ત્યાંથી ભાગી છુટ્યો હતો. પોલીસે થારમાં તપાસ કરતા 18 બોક્સમાં 528 દારૂની બોટલ જેની કિંમત 43,200 જથ્થો મળી આવ્યો હતો. પોલીસે થાર કાર, દારૂનો જથ્થો સહિત કુલ 10.43 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલ આરોપી તેમજ વોન્ટેડ આરોપી સહિત બંને વિરુદ્ધ પારડી પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી.



અમૃત પટેલ

## પ્લાસ્ટિક કોથળીઓમાં પાણી ભરીને ફુગ્ગા ફેંકશો તો કાર્યવાહી

**હોળી**-ધુળેટીના તહેવારની ઉજવણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટેનું જાહેરનામું

નવસારી : આગામી 13મી અને 14મી માર્ચ ગુરૂવાર-શુક્રવારના રોજ હિન્દુ ધર્મના હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી કરવામાં આવનાર છે. આ તહેવારની ઉજવણી શાંતિ અને કોમી એખલાસભર્યુ વાતાવરણમાં જળવાઇ રહે તેમજ તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વાય.બી.ઝાલા દ્વારા તેઓને મળેલી સત્તાની રૂએ સમગ્ર નવસારી જિલ્લા હદ વિસ્તારમાં આગામી 13મી અને 14મી માર્ચ દરમિયાન કેટલાક કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યા છે. લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવા, પ્લાસ્ટિક કોથળીઓમાં પાણી ભરીને ફુગ્ગાઓ મકાનો તથા એપાર્ટમેન્ટમાંથી જાહેર રસ્તા ઉપર આવતા જતાં રાહદારીઓ તથા વાહનો ઉપર ફેંકવા, રસ્તા ઉપર આડાશ ઉભી કરી ગોઠ ઉગરાવવા તથા વાહનો રોકવા, કોઇની ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રોચ્ચાર જાહેરમાં કરવા નહીં અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે તેવું વર્તન કરવું નહીં. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સજાને પાત્ર થશે.